કોડવાવ ગામે ગમખ્વાર અકસ્માત

# બે બાઈક સામસામે અથડાતાં CHO કર્મચારીના પતિનું કમકમાટીભર્યું મૃત્યુ



(પ્રતિનિધિ) ભરૂચ, તા. 13

ડેડીયાપાડાના કોડવાવ ગામે બે મોટરસાયકલ વચ્ચે સામસામે અથડામણ સર્જાતા એક યુવાનનું મોત નીપજ્યું છે. આ દુર્ઘટના કોડવાવ બસ સ્ટેન્ડ પાસે ક્લબ મહિન્દ્રા રોડ પર અકસ્માત થયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, ડેડીયાપાડાના થાણા ફળિયામાં રહેતા 28 વર્ષીય દિગેશ્વરીબેન પાટીલ સોલીયા PHC હોસ્પિટલમાં CHO તરીકે ફરજ બજાવે છે. તેમના પતિ રવિભાઈ મણીલાલભાઈ પાટીલ (ઉં.વ. લગભગ 30) ઘરકામ માટે યામાહા મોટરસાયકલ (નં. GJ-35 Q-9006)નો ઉપયોગ કરતા હતા. આજે બપોરે તેમના સસરાનો ફોન આવતાં દિગેશ્વરીબેનને ખબર પડી કે કોડવાવ પાસે રવિભાઈનો અકસ્માત થયો છે. તેઓ તરત જ પરિવારના મૈત્રી દિવ્યાબેન મોચી સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા. ત્યાં તેમની મોટરસાયકલ સાથે બજાજ કંપનીની બીજી મોટરસાયકલ (નં. GJ-01 FV-0510) પડેલી જોઈ. હાજર લોકોએ જણાવ્યું કે બંને ઘાયલોને 108 એમ્બ્યુલન્સ વડે નેત્રંગ સરકારી હોસ્પિટલ ખસેડાયા છે.

તાત્કાલિક નેત્રંગ CSC હોસ્પિટલ ખાતે પહોંચેલા દિગેશ્વરીબેનને ડોક્ટરે જણાવ્યું કે રવિભાઈના ડાબા હાથમાં ફ્રેક્ચર અને ચામડી છોલાઈ ગઈ છે તેમજ પગમાં પણ ફ્રેક્ચર અને ગંભીર ઈજાઓ છે. સારવાર દરમિયાન જ રવિભાઈનું મૃત્યુ થયું હોવાનું ડોક્ટરે જાહેર કર્યું. બીજા મોટરસાયકલ ચાલકને શરીરે ઈજા થયેલ હોવાથી તેને વધુ સારવાર અર્થે રાજપીપલા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. બનાવ અંગે મૃતકનાં પત્ની દિગેશ્વરીબેન પાટીલની ફરિયાદના આધારે નેત્રંગ પોલીસે સામેની મોટરસાયકલના ચાલક સામે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# જૂની અદાવતમાં યુવક પર ધારિયા વડે જીવલેણ હુમલો, ફરિયાદ નોંધાઈ

**આંબલીના** ઝાડના વિવાદની અદાવત રાખી હુમલો કર્યાનો આક્ષેપ

**માથામાં** ઈજા થતાં યુવકને હોસ્પિટલમાં ખસેડાયો, પોલીસે તપાસ શરૂ કરી

(પ્રતિનિધિ) કાલોલ, તા. 13

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના એરાલ ગામે જૂની અદાવતના કારણે એક યુવક પર ધારિયા વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. હુમલામાં યુવકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે વેજલપુર પોલીસ મથકે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ એરાલ ગામના વાછાવાડની મુવાડી ફળિયામાં કેનાલ પાસે રહેતા બળવંતસિંહ ધુળાભાઈ રાઠોડના પુત્ર ગોપાલસિંહ ગત 6 જૂનના રોજ રાત્રે ઘર નજીક આવેલી કેનાલ તરફ કુદરતી હાજતે ગયા હતા. તે દરમિયાન ગામના જ પ્રવિણભાઈ ડાભઈભાઈ રાઠોડ હાથમાં ધારિયું લઈને ત્યાં પહોંચ્યા હતા.

ફરિયાદ મુજબ આશરે એક વર્ષ અગાઉ બંને પરિવારો વચ્ચે આંબલીના ઝાડ બાબતે બોલાચાલી થઈ હતી. તેની અદાવત રાખીને આરોપીએ ગોપાલસિંહને એકલા જોઈ પાછળથી માથાના ભાગે ધારિયાનો ઘા ઝીંક્યો હતો. હુમલા બાદ આરોપી ગાળો બોલતો સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

માથામાંથી લોહીલુહાણ હાલતમાં ગોપાલસિંહ ઘરે પહોંચતા પરિવારજનો તેમને તાત્કાલિક ગોધરાની ભાવસાર સર્જિકલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. જ્યાં તેમના માથામાં ટાંકા લેવામાં આવ્યા હતા અને ચાર દિવસની સારવાર બાદ રજા આપવામાં આવી હતી. બાદમાં ગોપાલસિંહના પિતા બળવંતસિંહ રાઠોડે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ટાટા C-295 એસેમ્બલી યુનિટનું ઉદ્ઘાટન પણ વડોદરાના નામે

# વડોદરા એરપોર્ટ: 12 વર્ષમાં ગ્રીન એરપોર્ટથી વર્લ્ડ રેકોર્ડ સુધીની સફર



(પ્રતિનિધિ) વડોદરા,તા.13

છેલ્લા 12 વર્ષમાં વડોદરા એરપોર્ટે ટકાઉપણું, મુસાફર સુવિધા અને સંચાલન શ્રેષ્ઠતામાં અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. 1.6 અબજ રૂપિયાના ખર્ચે બનેલું નવું ઈન્ટિગ્રેટેડ ટર્મિનલ બિલ્ડિંગ કોચી પછી ભારતનું બીજું સૌથી હરિયાળું એરપોર્ટ છે.

NITBની 164.2 મીટરની સિંગલ શીટ રૂફટોપ 2016માં લિમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં નોંધાઈ છે. એરપોર્ટ પર 2018માં 675 Kwpનો સોલર પ્લાન્ટ લગાવાયો, જેનાથી 30% વીજ માંગ પૂરી થાય છે. NITBની આસપાસ 25 રેઈન વોટર હાર્વેસ્ટિંગ યુનિટ અને જુલાઈ 2023થી MGVCL પાસેથી ગ્રીન એનર્જી ખરીદી શરૂ કરાઈ છે. નવેમ્બર 2020માં ASSOCHAM દ્વારા GEM 5 સર્ટિફાઈડ સસ્ટેનેબલ બિલ્ડિંગ તરીકે પ્રમાણિત થયું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવા ટર્મિનલનું ઉદ્ઘાટન કર્યું હતું. 25 નવેમ્બર 2020ના રોજ એક જ દિવસે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, રાજ્યપાલ અને મુખ્યમંત્રીની મૂવમેન્ટ સંભાળી હતી. 30 ઓક્ટોબર 2022ના રોજ પ્રથમ ખાનગી C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ પ્રોડક્શન લાઈનનો શિલાન્યાસ અને 28 ઓક્ટોબર 2024ના રોજ સ્પેન અને ભારતના વડાપ્રધાનો દ્વારા TASLની એરક્રાફ્ટ એસેમ્બલિંગ સુવિધાનું ઉદ્ઘાટન થયું હતું. 12 વર્ષમાં દિલ્હી, મુંબઈ, બેંગલુરુ, પુણે, હૈદરાબાદ, ગોવા, નવી મુંબઈ સાથે હવાઈ જોડાણ વધ્યું છે. 11 સપ્ટેમ્બર 2025ના રોજ પબ્લિક Wi-Fi સેવા, AVSAR યોજના, એક્ઝિક્યુટિવ લાઉન્જ, EV ચાર્જિંગ સ્ટેશન, OLA/UBER સુવિધા શરૂ કરાઈ હતી. 2019માં પ્રથમ સ્વચ્છ એરપોર્ટ એવોર્ડ અને 2018, 2025માં ભારતનો દ્વિતીય થી સ્વચ્છ એવોર્ડ મળ્યો હતો. CSR હેઠળ 2018માં બે સ્કૂલને રૂ. 24.85 લાખના ડિજિટલ ક્લાસ, દેણા ગામમાં 152 શૌચાલય, GSFC યુનિવર્સિટીને રૂ. 27.30 લાખના ફાયર સેફ્ટી સાધનો આપ્યા હતા. 2019 અને 2024ના પૂર દરમિયાન રસ્તા બંધ હોવા છતાં એરપોર્ટનું સંચાલન ચાલુ રાખ્યું. કોવિડ-19 લોકડાઉનમાં એરફોર્સને અવરોધ વિના ATC/CNS સેવાઓ આપી હતી. વડોદરા એરપોર્ટ રિલાયન્સ, IOCL, L|T, GSFC, GNFC જેવા ઉદ્યોગોને ટેકો આપે છે અને ટાટા C295 ટેસ્ટ ફ્લાઈટ્સ માટે સંકલન કરે છે.

વડોદરામાં ડિસેમ્બરમાં ગુંજશે ઔદ્યોગિક મહાકુંભ

# VCCI એક્સ્પો-2026: નવલખી મેદાનમાં 700થી વધુ ઉદ્યોગો એક જ મંચ પર આવશે

**સેમીકન્ડક્ટર,** ઓટોમેશન અને એડવાન્સ ટેક્નોલોજી પર રહેશે વિશેષ ફોકસ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 13

વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (VCCI) દ્વારા આગામી 24થી 27 ડિસેમ્બર, 2026 દરમિયાન વડોદરાના નવલખી મેદાન ખાતે "VCCI Expo-2026"નું ભવ્ય આયોજન કરવામાં આવશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'મેક ઈન ઈન્ડિયા', 'આત્મનિર્ભર ભારત' અને 'વોકલ ફોર લોકલ'ના વિઝનને આગળ વધારતા આ એક્સપો દ્વારા મધ્ય ગુજરાતના MSME ઉદ્યોગોને વૈશ્વિક મંચ પૂરું પાડવાનો પ્રયાસ કરવામાં આવશે.

વીસીસીઆઈના ચેરમેન હિમાંશુ પટેલે જણાવ્યું હતું કે છેલ્લા 12 વર્ષમાં ભારતે ઔદ્યોગિક વિકાસ અને વૈશ્વિક પ્રતિષ્ઠાના નવા આયામો સર કર્યા છે. VCCI છેલ્લા ત્રણ દાયકાથી ઉદ્યોગોના વિકાસ માટે કાર્યરત છે અને આજે તેના 2,500થી વધુ સભ્યો છે. એક્સપો સ્થાનિક ઉદ્યોગોને નવા બજારો, ટેક્નોલોજી અને રોકાણની તકો સાથે જોડશે.

આશરે 9 લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં યોજાનારા આ મેગા એક્સપોમાં દેશ-વિદેશના 700થી વધુ ઉદ્યોગો, સંસ્થાઓ અને ટેક્નોલોજી પ્રદાતાઓ ભાગ લેશે. વડોદરા અને આસપાસનો વિસ્તાર 17 હજારથી વધુ ઉદ્યોગો ધરાવતો મહત્વપૂર્ણ ઔદ્યોગિક કેન્દ્ર હોવાથી આ એક્સપો ઉદ્યોગજગત માટે મહત્વપૂર્ણ પ્લેટફોર્મ સાબિત થશે.

વર્ષ 2023ના સફળ આયોજન બાદ ઉદ્યોગકારોની માંગને ધ્યાનમાં રાખી આ વર્ષે વધુ વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે. એક્સપોમાં એડવાન્સ મેન્યુફેક્ચરિંગ, સેમીકન્ડક્ટર, ઓટોમેશન અને નવીન ટેક્નોલોજી પર વિશેષ ભાર મૂકવામાં આવશે. VCCIએ દેશ-વિદેશના ઉદ્યોગકારો, રોકાણકારો અને ખરીદદારોને આ ઔદ્યોગિક મહોત્સવમાં જોડાવા આમંત્રણ પાઠવ્યું છે.

# ગોત્રી હોસ્પિટલને મળી ૩૫ લાખની અત્યાધુનિક એમ્બ્યુલન્સ

**વડાપ્રધાનના** સેવાના ૧૨ વર્ષ પૂર્ણ થતા સાંસદ કાર્યાલયના MP CSR સેલ અને ગેલ સંસ્થાનો સરાહનીય પ્રકલ્પ




(પ્રતિનિધિ) વડોદરા. તા.13

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ 'વિકાસ, વિશ્વાસ અને જનકલ્યાણ'ના 12 વર્ષ પૂર્ણ થવાની ઉજવણી અંતર્ગત ગોત્રી સ્થિત GMERS હોસ્પિટલને આશરે રૂ. 35 લાખથી વધુ કિંમતની અત્યાધુનિક એડવાન્સ લાઈફ સપોર્ટ સિસ્ટમ (ALS) ધરાવતી એમ્બ્યુલન્સ અર્પણ કરવામાં આવી છે. આ એમ્બ્યુલન્સ ગેલ સંસ્થાના સહયોગથી વડોદરા સાંસદ કાર્યાલયના MP CSR સેલના પ્રયાસોથી ઉપલબ્ધ બની છે.

આ પ્રસંગે સાંસદ ડો. હેમાંગ જોશીએ જણાવ્યું હતું કે GMERS હોસ્પિટલમાં મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર માટે આવતા હોવાથી હોસ્પિટલની જરૂરિયાતને ધ્યાનમાં રાખી ગેલ સમક્ષ દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. ગેલ દ્વારા તેને મંજૂરી આપીને સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

તેમણે જણાવ્યું કે આ એમ્બ્યુલન્સ ગંભીર દર્દીઓને કટોકટીના સમયમાં ઝડપી અને ગુણવત્તાસભર સારવાર ઉપલબ્ધ કરાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. ગોત્રી GMERS હોસ્પિટલ મધ્ય ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશ અને રાજસ્થાનના દર્દીઓ માટે પણ મહત્વનું આરોગ્ય કેન્દ્ર છે. કાર્યક્રમ દરમિયાન હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો. અનુપ ચંદાણીએ એમ્બ્યુલન્સમાં ઉપલબ્ધ આધુનિક જીવનરક્ષક સાધનો અંગે માહિતી આપી હતી. પ્રસંગે કોર્પોરેટર શ્રીરંગ રાજેશ આયરે, અન્ય જનપ્રતિનિધિઓ, તબીબો, નર્સિંગ સ્ટાફ અને પેરામેડિકલ ટીમ ઉપસ્થિત રહી હતી.

# વડોદરામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પૂર્વે ભવ્ય યોગ શિબિર યોજાઈ



■ વડોદરાના માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-2026ની તૈયારીઓના ભાગરૂપે કોમન યોગ પ્રોટોકોલ તાલીમ શિબિર યોજાઈ હતી. શિબિરમાં 5 હજારથી વધુ યોગસાધકો, યોગ ટ્રેનરો અને નાગરિકોએ ભાગ લઈ યોગાભ્યાસ કર્યો હતો. કાર્યક્રમમાં સાંસદ ડો. હેમાંગ જોષી, મેયર ગીતાબેન મકવાણા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# અલાલી ગામે ખેતરની ઓરડીમાંથી દારૂનો જથ્થો ઝડપાયો, આરોપી ફરાર

**પોલીસ** ફરાર આરોપી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) કાલોલ, તા. 13

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના અલાલી ગામે ગોધરા LCBની ટીમે બાતમીના આધારે સફળ દરોડાની કાર્યવાહી કરીને વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. જોકે, દરોડા દરમિયાન આરોપી સ્થળ પરથી ફરાર થઈ જતાં પોલીસે તેની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ગોધરા LCBના આસિસ્ટન્ટ હેડ કોન્સ્ટેબલ ભુપેન્દ્રસિંહ નાથુસિંહ તથા તેમની ટીમ વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન ખાનગી બાતમીદાર પાસેથી ચોક્કસ માહિતી મળી હતી કે અલાલી ગામના મંદિર ફળિયામાં રહેતો કલ્પેશભાઈ છત્રસિંહ પરમાર પોતાના મહુડાવાળા ખેતરમાં આવેલી ઓરડીમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખી તેનું વેચાણ કરી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે બે પંચોને સાથે રાખી સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસ ટીમ ખેતરની ઓરડી પર પહોંચી ત્યારે દરવાજો ખુલ્લો હતો, પરંતુ ત્યાં કોઈ વ્યક્તિ હાજર મળી આવી ન હતી. પંચોની હાજરીમાં કરાયેલી તલાશી દરમિયાન ઓરડીમાંથી એક ખાખી પૂંઠાની પેટી મળી આવી હતી. જેમાંથી 'ગોવા વ્હીસ્કી' બ્રાન્ડના 180 મિ.લી. ના 48 સીલબંધ ક્વાર્ટરિયા મળી આવ્યા હતા. પોલીસે પ્રતિ બોટલ રૂ. 135 મુજબ કુલ રૂ. 6,480ની કિંમતનો પ્રોહિબિશન મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે આ.હે.કો. ભુપેન્દ્રસિંહ નાથુસિંહની ફરિયાદના આધારે વેજલપુર પોલીસ સ્ટેશનમાં કલ્પેશભાઈ છત્રસિંહ પરમાર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની કલમ 65(એ)(એ) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. ફરાર આરોપીને ઝડપી પાડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# સાવલીના અંધારવાડીની સીમમાં દીપડાએ ભેંસનું મારણ કરતાં ફફડાટ

(પ્રતિનિધિ) વડોદરા તા.13

સાવલી તાલુકાના અંધારવાડી ગામની સીમમાં દીપડાએ ભેંસનું મારણ કરતા પંથક વાસીઓ માં ફફડાટ વ્યાપી ગયો છે સાવલી તાલુકાના અંધારવાડી ગામે ભેંસ મૃત હાલતમાં મળી આવી હતી. ભેંસના શરીર પર હુમલાના સ્પષ્ટ નિશાન જોવા મળતા હતા .

જંગલી પશું ના દીપડા ના હુમલાની આશંકા એ સમગ્ર પંથક માં દહેશત ફેલાઈ છે દીપડાએ મારણ કર્યું હોવાની ચર્ચા વાયુવેગે તાલુકામાં પ્રસરી ગઈ છે ગામના વૃધ્ધા શાંતાબેન પરમાર ની ભેંસ ને રાત્રિ ના સમયે દીપડો ખેંચી ગયો હતો પરિણામે વૃધ્ધા ના જીવન નિર્વાહ ભેંસ ના દૂધ પર થતું હતું હવે ભેંસ ના મારણ થી વૃધ્ધા ભારે વલોપાત કરતા જોવા મળી રહ્યા હતા ઘટનાની જાણ થતાં ગ્રામજનોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા. અને પશુપાલકોમાં ભય અને ચિંતાનો માહોલ, પશુધનના રક્ષણ અંગે ચિંતા વધી ગઈ છે સાથે સાથે ગ્રામજનોને રાત્રિના સમયે સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

# મોરખલા તળાવમાં મગરનો આતંક, ગાય પર હુમલા બાદ ગ્રામજનોમાં ભય

**અગાઉ** પણ બકરા અને ભેંસ સહિતના પશુઓ પર હુમલાના આક્ષેપ

(પ્રતિનિધિ) બોડેલી તા.13

બોડેલી તાલુકાના મોરખલા ગામના તળાવમાં મહાકાય મગરનો આતંક વધતા ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો છે. તાજેતરમાં મગરે ગામના બારિયા પૂંમભાઈ ચીમનભાઈની ગાય પર હુમલો કરતાં ગાય ગંભીર રીતે ઘાયલ થઈ હતી. આ ઘટનાના પગલે ગ્રામજનોમાં ભારે ચિંતા વ્યાપી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ મગર અગાઉ પણ ગામના બકરા, ભેંસ અને અન્ય પશુઓ પર હુમલા કરી ચૂક્યો છે. મોરખલા ગામનું તળાવ ગ્રામજનો માટે પાણીનો મુખ્ય સ્ત્રોત હોવાથી લોકો રોજિંદા કામકાજ માટે અહીં આવે છે. જોકે, મગરના વધતા આતંકને કારણે હવે લોકો તળાવ નજીક જતાં પણ ડરી રહ્યા છે. ગ્રામજનોએ જણાવ્યું હતું કે તળાવમાં માત્ર એક નહીં પરંતુ બે-ત્રણ નાના-મોટા મગરો પણ વસવાટ કરે છે. જેના કારણે બાળકો, મહિલાઓ અને પશુપાલકોમાં સતત ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. મગરને પકડવા માટે ગ્રામજનોએ વન વિભાગનો સંપર્ક કરતા વિભાગ દ્વારા તળાવ પાસે પિંજરા ગોઠવવામાં આવ્યા છે. જોકે હજુ સુધી કોઈ મગર પકડાયો નથી.

# પોર GIDCમાં ભવ્ય બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 13

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, વડોદરા અને CMC મેન્યુફેક્ચરિંગ કંપની પ્રા. લિ.ના સંયુક્ત ઉપક્રમે પોર વિસ્તારમાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. પોર ઈન્ડસ્ટ્રિયલ પાર્ક અને ન્યૂ આત્મિયા ઈન્ડસ્ટ્રિયલ પાર્ક ખાતે યોજાયેલા કેમ્પમાં સ્થાનિકો અને કંપનીના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું હતું. "Give Blood, Give Hope : Together We Save Lives" સૂત્ર સાથે યોજાયેલા કેમ્પ દરમિયાન રક્તદાનના મહત્વ અંગે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. આયોજકોએ જણાવ્યું હતું કે રક્તદાન દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓને નવું જીવન મળી શકે છે. કેમ્પને સફળ બનાવવા માટે રેડ ક્રોસ સોસાયટી અને CMC કંપનીના અધિકારીઓ તથા કાર્યકરોએ સહયોગ આપ્યો હતો. એકત્રિત થયેલું લોહી રેડ ક્રોસ બ્લડ બેંકમાં જમા કરાવવામાં આવ્યું છે.

# ભરણપોષણ કેસમાં સજાપામેલા આરોપીને પાનવડ પોલીસે ઝડપી જેલ હવાલે કર્યો

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.13

બોડેલી ફેમીલી કોર્ટમાં ભરણપોષણના કેસમાં 160 દિવસની કેદની સજા પામેલા આરોપીને પાનવડ પોલીસે ઝડપી પાડી જેલ હવાલે કર્યો છે. પોલીસ મહાનિરીક્ષક વડોદરા રેન્જ સંદીપસિંહ અને છોટાઉદેપુર પોલીસ અધિક્ષક ઈમ્તિયાઝ શેખના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં બિનજામીનપાત્ર અને સજા વોરંટોની અમલવારી માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તે અંતર્ગત ફેમીલી કોર્ટ બોડેલીના ફોજદારી અરજી નં. 176/2026માં આરોપી મુકેશભાઈ રમેશભાઈ રાઠવા (રહે. સુથારી ફળિયા, તા. કવાંટ, જી. છોટાઉદેપુર)ને 160 દિવસની કેદની સજા ફટકારવામાં આવી હતી. પોલીસને મળેલી ચોક્કસ માહિતીના આધારે આરોપીને તેના નિવાસસ્થાનેથી ઝડપી પાડવામાં આવ્યો હતો.


केनरा बैंक Canara Bank A Govt. of India Undertaking
सिंडिकेट Syndicate
ભારત સરકારનું સાહસ
એઆરએમ શાખા - મુંબઈ, કેનરા બેંક બિલ્ડિંગ, ચોથો માળ, આદિ મર્ઝબાન પથ, બેલાર્ડ એસ્ટેટ, મુંબઈ - 400 001 ઈમેઈલ: cb2360@canarabank.com
ફોન - 8655948019/54, વેબ: www.canarabank.com

વેચાણ નોટિસ

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002ની સાથે વંચાણમાં લેતા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 (6)ની જોગવાઈઓ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ. આથી સામાન્ય જનતાને અને વિશેષ કરીને દેવાદાર(ઓ) અને જામીનદાર(ઓ)ને નોટિસ આપવામાં આવે છે કે સુરક્ષિત લેણદાર પાસે ગીરો/ચાર્જ કરેલી નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો, જેનો કબજો કેનરા બેંકના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તેનું વેચાણ "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ"ના આધારે તારીખ 30.06.2026ના રોજ કરવામાં આવશે. આ વેચાણ શ્રીમતી રીમા કાર્તિક વસાણી અને શ્રી કાર્તિક પ્રવિણચંદ્ર વસાણી પાસેથી, કેનરા બેંકની એઆરએમ શાખાના લેણાં પેટે રૂ. 3,01,83,930.82 (તારીખ 30.06.2025ના રોજ) વત્તા 01.07.2025થી લાગતું આગળનું વ્યાજ અને ખર્ચની વસૂલાત માટે કરવામાં આવી રહ્યું છે. તેમનું રજિસ્ટર્ડ સરનામું: B 704 ગ્રીન એશ વસંત ગાર્ડન્સ, સાયપ્રસ સ્વપ્ન નગરી પાસે, મુલુંડ વેસ્ટ, મુંબઈ, મહારાષ્ટ્ર - 400080 છે.

| ક્રમ | મિલકતનું વર્ણન | અનામત કિંમત | EMD (બાનાની રકમ) |
|---|---|---|---|
| 1. | પ્લોટ નં. 89 અને 90, રેવન્યુ સર્વે નં. 872, 873, 874 અને 878 ગજાનના, કુમેઠા 390019, વડોદરા, ગુજરાત. પ્લોટનું કુલ ક્ષેત્રફળ 347.14 ચોરસ મીટર છે. સામાન્ય રસ્તો, પ્લોટ અને સુવિધાઓમાં અવિભાજિત હિસ્સો 234.23 ચોરસ મીટર છે. મિલકતની સીમાઓ: ઉત્તરે: પ્લોટ નં. 90; દક્ષિણે: પ્લોટ નં. 88; પૂર્વે: 7.5 મીટર પહોળો રસ્તો; પશ્ચિમે: પ્લોટ નં. 92. | Rs. 52,00,000/- | Rs. 5,20,000/- |
| 2. | પ્લોટ નં. 194 અને 195, રેવન્યુ સર્વે નં. 872, 873, 874 અને 878 ગજાનના કુમેઠા - 390 019, વડોદરા, ગુજરાત. પ્લોટનું કુલ ક્ષેત્રફળ 387.80 ચોરસ મીટર છે. સામાન્ય રસ્તો, પ્લોટ અને સુવિધાઓમાં અવિભાજિત હિસ્સો 193.57 ચોરસ મીટર છે. મિલકતની સીમાઓ: ઉત્તરે: બ્લોક નં. 871; દક્ષિણે: 9 મીટર પહોળો રસ્તો; પૂર્વે: પ્લોટ નં. 196; પશ્ચિમે: પ્લોટ નં. 194. | Rs. 55,00,000/- | Rs. 5,50,000/- |

અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) તારીખ 29.06.2026ના રોજ અથવા તે પહેલાં સાંજના 5.00 વાગ્યા સુધીમાં જમા કરાવવાની રહેશે. EMDની વિગતો અને અન્ય દસ્તાવેજો સર્વિસ પ્રોવાઈડરને તારીખ 29.06.2026ના રોજ અથવા તે પહેલાં સાંજના 5.00 વાગ્યા સુધીમાં સબમિટ કરવાના રહેશે. બેંકમાં દસ્તાવેજો જમા કરાવવાની છેલ્લી તારીખ 29.06.2026ના રોજ સાંજના 5.00 વાગ્યા સુધીની છે. વધુ વિગતો માટે કોઈપણ કામકાજના દિવસે ઓફિસ સમય દરમિયાન સુદર્શન જોશી, અધિકૃત અધિકારી, કેનરા બેંક, ARM શાખા, મુંબઈ (મોબાઈલ નં. 9590913338 / 8655948054 / 8655948019) અથવા શ્રી રૂપેશ પિલ્લેવાન, મેનેજર (મોબાઈલ નં. 9380160126)નો સંપર્ક કરી શકાય છે. સર્વિસ પ્રોવાઈડર Baanknet (M/s PSB અલાયન્સ પ્રા. લિ.), (સંપર્ક નં. 7046612345 / 6354910172 / 8291220220 / 9892219848 / 8160205051, ઈમેઈલ: support.BAANKNET@psballiance.com / support.ebkray@procure247.com)નો સંપર્ક કરી શકાય છે.

તારીખ: 12.06.2026 સહી/- અધિકૃત અધિકારી,
સ્થળ: મુંબઈ એઆરએમ - શાખા, કેનરા બેંક



DGVCL દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ DGVCL
CINU40102GJ2003SGC042909
રાજપીપળા વિભાગીય કચેરી, કાળિયા ભૂત મંદિર પાસે, રાજપીપળા
ફોન નં.:૦૨૬૪૦-૨૨૨૧૫૨ ઈ-મેઈલ: eeraj.dgvcl@gebmail.com
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખે અને સમયે ફીડર* ઉપર અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજ પ્રવાહ બંધ રહેશે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી લીમપુરા | ૧૧ કેવી મોરિયા જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૫.૦૬.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨ | ૬૬ કેવી લીમપુરા | ૧૧ કેવી વરવાડા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૫.૦૬.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી દાભવણ જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૧૫.૦૬.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી બેડવાણ એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૧૫.૦૬.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫ | ૬૬ કેવી પ્રતાપનગર | ૧૧ કેવી આમલેથા મિલ EXP | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૧૫.૦૬.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૬ | ૬૬ કેવી ભાલોદ | ૧૧ કેવી ઓરપટાર જેજીવાય | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૬.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૭ | ૧૩૨ કેવી તિલકવાડા | ૧૧ કેવી અલવા જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૬.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૮ | ૧૩૨ કેવી તિલકવાડા | ૧૧ કેવી ગંભીરપુરા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૬.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૯ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી ખોપી જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૬.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૦ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી ટેલીઆંબા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૬.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૧ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી ચિકદા જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૧૬.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૨ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી ગોપાલિયા એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૧૬.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૩ | ૬૬ કેવી પ્રતાપનગર | ૧૧ કેવી ટીંબી જેજીવાય | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૧૬.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૪ | ૬૬ કેવી પોમલાપાડા | ૧૧ કેવી અલમાવાડી જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૬.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૫ | ૬૬ કેવી પોમલાપાડા | ૧૧ કેવી ખર્ચીપાડા એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૬.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૬ | ૬૬ કેવી ઉમલ્લા | ૧૧ કેવી અવધૂત જેજીવાય | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૭.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૭ | ૬૬ કેવી લીમપુરા | ૧૧ કેવી મોરિયા જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૭.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૮ | ૬૬ કેવી લીમપુરા | ૧૧ કેવી વરવાડા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૭.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૯ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી રોઝદેવ જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૭.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૦ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી નાના કાકડીઆંબા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૭.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૧ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી આંબાવાડી જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૧૭.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૨ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી કાકરપાડા એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૧૭.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૩ | ૬૬ કેવી ભચરવાડા | ૧૧ કેવી ભચરવાડા જેજીવાય | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૧૭.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૪ | ૬૬ કેવી ભચરવાડા | ૧૧ કેવી વરખડ એજી | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૧૭.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૫ | ૬૬ કેવી બલ | ૧૧ કેવી સામોટ જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૭.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |

નોંધ: કામ પૂર્ણ થયા પછી કે પહેલા, વધુ કોઈ પણ જાતની નોટીસ કે જાણ કાર્ય સિવાય વીજપુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધલેવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર (સં. અને નિ.),દ.ગુ.વી.કં.લિ, વિભાગીય કચેરી, રાજપીપળા

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો


# પાદરામાં સ્કોચ દારૂના જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો

(પ્રતિનિધિ) પાદરા, તા.13

વડોદરા ગ્રામ્ય એલ.સી.બી.ની ટીમે પાદરાના વણકરવાસ વિસ્તારમાં દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઝડપી એક શખ્સની અટકાયત કરી છે. બાતમીના આધારે કરાયેલી કાર્યવાહીમાં રોશનકુમાર ઉર્ફે રાહુલ રમેશભાઈ વાઘેલા (ઉ.વ. 30) ને તેના મકાનમાંથી ઝડપી લેવામાં આવ્યો હતો.

પોલીસ તપાસ દરમિયાન તેના કબજાના મકાનમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની 24 મોંઘીદાટ સ્કોચ બોટલો મળી આવી હતી. પોલીસે કુલ રૂ. 42,721 કિંમતનો પ્રોહિબિટેડ મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ અંગે એલ.સી.બી.ના હરેશભાઈ અમરૂભાઈની ફરિયાદના આધારે પાદરા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે આરોપીની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# વઘાચ-ખીચડીયા માર્ગ પર કોઝવે પાસે પડેલો ખાડો બન્યો અકસ્માતનું જોખમ

**પ્રોટેક્શન** વોલ અને રોડ વચ્ચેનું માટી ધોવાતા સર્જાઈ ખતરનાક સ્થિતિ

**20થી** વધુ ગામોના વાહનચાલકોને મુશ્કેલી, તંત્ર સામે ઉઠ્યા સવાલો

(પ્રતિનિધિ) નસવાડી, તા. 13

નસવાડી તાલુકાના વઘાચથી ખીચડીયા જતાં માર્ગ પર આવેલા લો-લેવલ કોઝવે પાસે પડેલો મોટો ખાડો વાહનચાલકો માટે અકસ્માતનું આમંત્રણ બની રહ્યો છે. કોઝવેની બાજુમાં આવેલી પ્રોટેક્શન વોલ અને રોડ વચ્ચેનું માટી ધોવાઈ જતાં ખતરનાક ખાડો સર્જાયો છે, જેના કારણે ખાસ કરીને રાત્રિના સમયે અકસ્માતની ભીતિ સેવાઈ રહી છે.

મળતી માહિતી મુજબ વઘાચ-ખીચડીયા માર્ગ પંચાયત માર્ગ અને મકાન વિભાગની માલિકી હેઠળ આવે છે. આ માર્ગ પર આવેલા કોઝવેના છેડે આશરે 20 મીટર લાંબી પ્રોટેક્શન વોલ આવેલી છે. તાજેતરમાં વરસાદી પાણી અને ધોવાણના કારણે પ્રોટેક્શન વોલ અને રોડ વચ્ચેનું માટી પુરાણ ધોવાઈ જતા રોડની સાઈડમાં મોટો ખાડો પડી ગયો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ રાત્રિના સમયે અજાણ્યા વાહનચાલકોને આ ખાડો દેખાતો નથી. વધુમાં તંત્ર દ્વારા ખાડા અંગે કોઈ ચેતવણી બોર્ડ કે સુરક્ષાત્મક વ્યવસ્થા પણ કરવામાં આવી નથી. જેના કારણે બે-વ્હીલર અને ચાર-વ્હીલર ચાલકો માટે ગંભીર જોખમ ઉભું થયું છે. દર વર્ષે માર્ગના સમારકામ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ થતો હોવા છતાં આવી ખતરનાક સ્થિતિ સર્જાતા ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. આ માર્ગ પરથી વઘાચ, ખીચડીયા સહિત 20થી વધુ ગામોના લોકો રોજિંદી અવરજવર કરે છે. સ્થાનિકોએ પંચાયત માર્ગ અને મકાન વિભાગને તાત્કાલિક ખાડો પુરાવી સુરક્ષાની યોગ્ય વ્યવસ્થા કરવા માંગ કરી છે, જેથી કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં સમસ્યાનો ઉકેલ આવે.


ભારતીય પ્રૌદ્યોગિક સંસ્થાન ખડગપુર
INDIAN INSTITUTE OF TECHNOLOGY KHARAGPUR

જાહેરાત ક્રમાંક: R/03/2026 તારીખ: June 01, 2026

સંસ્થાન ડેપ્યુટેશનની શરતો પર અથવા કરારના આધારે લેવલ-14 પે મેટ્રિક્સ (144200-218200/-)માં રજિસ્ટ્રાર ની પોસ્ટ માટે ભારતીય નાગરિકો પાસેથી ઓનલાઇન અરજીઓ મગાવે છે.

વિગતો અને અપડેટ્સ માટે મુલાકાત લો: (http://www.iitkgp.ac.in >> Jobs >> Staff Opening). ઓનલાઇન અરજી સબમિટ કરવાની છેલ્લી તારીખ: 30.06.2026

CBC21255/11/0001/2627 ડીન (પ્રશાસન) / Dean (Admin)